(1) નીચેનામાંથી કઈ-કઈ બાબતોનો સમાવેશ ડ્રાફ્ટ ડીફેન્સ પ્રોડકશન એન્ડ એકસપોર્ટ પ્રમોશન પોલિસિ (DPEPP), 2020માં કરવામાં આવ્યો છે ?

(1) વર્ષ 2025 સુધીમાં 35,000 કરોડ રૂપિયાના મૂલ્યની એરોસ્પેસ તથા સંરક્ષણની વસ્તુ તથા સેવાની નિકાસ કરવી.

(2) પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટ (PMU)ની સ્થાપના કરવી.

(3) હથિયારો માટેનું એક 'નેગેટીવ લિસ્ટ' બહાર પાડવામાં આવશે.

(4) વર્ષ 2025 સુધીમાં સંરક્ષણ ક્ષેત્રનું ઘરેલું અધિગ્રહણ (Procurement) રૂ. 2 લાખ કરોડ જેટલું કરવું.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રક્ષા મંત્રાલયે ડ્રાફ્ટ ડીફેન્સ પ્રોડકશન એન્ડ એકસપોર્ટ પ્રમોશન પોલિસિ (DPEPP), 2020 જાહેર કરી છે. આ નીતિમાં જણાવવામાં આવેલી મુખ્ય બાબતો નીચે મુજબની છે :

- વર્ષ 2025 સુધીમાં રૂ. 1,75,000 કરોડના મૂલ્યનું એરોસ્પેસ તથા સંરક્ષણની વસ્તુ તથા સેવાનું ટર્નઓવર કરવું તથા તેની 35,000 કરોડ રૂપિયા જેટલી નિકાસ કરવી. (આથી, વિધાન (1) સાચું છે.)
- આયાત પર નિર્ભરતા ઘટાડવી અને 'મેક ઈન ઈન્ડિયા'ને આગળ વધારવું.
- વર્તમાન સમયે ઘરેલું અધિગ્રહણનો ફાળો 60% જેટલો છે. વર્ષ 2025 સુધીમાં ઘરેલું અધિગ્રહણ જે વર્તમાન સમયે રૂ. 70,000 કરોડ છે તે વધારીને રૂ. 1,40,000 કરોડ કરવું. (આથી, વિધાન (4) ખોટું છે.)
- હથિયારો તથા પ્લેટફોર્મ માટેની વર્ષ આધારિત નેગેટીવ લિસ્ટ બનાવવી. આ લિસ્ટમાં રહેલ વસ્તુઓની આયાત પર સમય મુજબ પ્રતિબંધ મુકવો. (આથી, વિધાન (3) સાચું છે.)
- પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટ (PMU)ની સ્થાપના કરવી જે સંબંધિત ટેક્નોલોજીનું ઉત્પાદન તથા વિકાસ કરશે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) Women Entrepreneurship and Empowerment (WEE) પહેલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પહેલ દેશમાં સ્ત્રીઓની ઉદ્યમશીલતાને મજબૂત બનાવવા ઈચ્છે છે.

(2) આ પહેલ IIT-બોમ્બેની છે.

(3) આ પહેલમાં કોલેજ જતી વિદ્યાર્થીનીઓથી લઈને મધ્યમવયની ગૃહિણીઓનો સમાવેશ કરવામાં આવશે.

(4) આ પહેલને સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય તથા મહિલા સશક્તિકરણ મંત્રાલય દ્વારા સપોર્ટ મળેલ છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (4)
(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ WEEએ ભારતની આ પ્રકારની પ્રથમ પહેલ છે. આ પહેલ IIT-દિલ્હીની છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પહેલને વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા સપોર્ટ મળેલો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ પહેલ દેશમાં સ્ત્રીઓની ઉદ્યમશીલતાને મજબૂત બનાવવા ઈચ્છે છે. આ સાથે એક એવી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવામાં આવશે જેમાં સ્ત્રીઓ દ્વારા બનાવવામાં આવતી એન્ટરપ્રાઈઝ ટકી શકે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પહેલમાં કોલેજની વિદ્યાર્થીનીઓથી લઈને મધ્યમવયની ગૃહિણીઓને ઉદ્યમશીલતાને એક કેરીઅર તરીકે પસંદ કરવા માટે મદદ કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પહેલ સમગ્ર ભારતની સ્ત્રી ઉદ્યમીઓને શક્ય રોકાણકારો તથા તેમની વસ્તુઓના ખરીદદારો સાથે જોડશે જેથી તેમની એન્ટરપ્રાઈઝ આર્થિક રીતે ટકી શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) ગ્લોબલ મિથેન બજેટ (GMB) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) વર્ષ 2000-06ના સરેરાશ વૈશ્વિક વાર્ષિક મિથેન ઉત્સર્જન કરતાં 2017માં તેનું ઉત્સર્જન 37% વધુ છે.
(2) મિથેનના ઉત્સર્જનમાં સૌથી વધુ વધારો દક્ષિણ અમેરિકામાં થયો છે.
(3) મિથેનના ઉત્સર્જનમાં થયેલાં વધારા પૈકી 60% ફાળો કૃષિ તથા કચરાનો છે.
(4) ગ્લોબલ મિથેન બજેટને ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ (GCP) દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ દ્વારા ગ્લોબલ મિથેન બજેટ જાહેર કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ એક આંતરરાષ્ટ્રીય સંશોધન કાર્યક્રમ છે જે 'ગ્લોબલ કાર્બન સાયકલ'નું એક સંપૂર્ણ ચિત્ર બનાવવા ઈચ્છે છે.

⇛ વર્ષ 2000-06ના મિથેનના સરેરાશ વૈશ્વિક વાર્ષિક ઉત્સર્જન કરતાં 2017માં તેના ઉત્સર્જનમાં 9%નો વધારો થયો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ઉત્સર્જનમાં થયેલાં વધારા પૈકી 60% ફાળો કૃષિ તથા કચરાનો છે તથા 40% ફાળો અશ્મિ બળતણોનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઉત્સર્જનમાં સૌથી વધુ વધારો થયેલાં વિસ્તારો : આફ્રિકા અને મધ્ય–પૂર્વ, ચીન, દક્ષિણ એશિયા અને ઓશનિયા. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ મિથેન એક ગ્રીન હાઉસ ગેસ છે જે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર બીજો સૌથી મોટો ઘટક છે. પ્રથમ ઘટક કાર્બન ડાયોકસાઈડ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ખાદી અગરબતી આત્મનિર્ભર મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ કાર્યક્રમને MSME મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

(2) આ યોજનાનું ડિઝાઈનીંગ ખાદી ગ્રામોદ્યોગ કમિશન (KVIC) દ્વારા કરવામાં આવ્યું છે.

(3) આ એક જાહેર–ખાનગી ભાગીદારી (PPP) કાર્યક્રમ છે.

(4) KVIC અગરબતી બનાવવાના મશીનની કિંમતની 25% સબસિડી આપશે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ MSME મંત્રાલય દ્વારા 'ખાદી અગરબતી આત્મનિર્ભર મિશન'ને મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ બેરોજગારો તથા પ્રવાસી મજદૂરો માટે રોજગારી ઊભી કરવા માટેનો છે. ઉપરાંત કાર્યક્રમ દ્વારા અગરબતીના ઘરેલું ઉત્પાદનમાં વધારો થશે.

⇛ આ યોજનાનું ડિઝાઈનીંગ ખાદી ગ્રામોદ્યોગ કમિશન (KVIC) દ્વારા PPP મોડ મુજબ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ KVIC કલાકારોને ઓટોમેટીક અગરબતી ઉત્પાદક મશીન આપશે. આ મશીન ખાનગી ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવશે. આ ખાનગી ઉત્પાદકો કરાર દ્વારા બિઝનેસ પાર્ટનર બનશે.

⇛ મશીનની કિંમતની 25% સબસિડી KVIC દ્વારા આપવામાં આવશે. અન્ય રકમ કલાકારો પાસેથી માસિક હપ્તા દ્વારા ઉઘરાવવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) જમ્મુ અને કાશ્મીર પબ્લીક સેફ્ટી એક્ટ (PSA), 1978 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ એક પ્રિવેન્ટીવ ડીટેન્શન (આગોતરી અટકાયત) કાયદો છે.

(2) આ કાયદા હેઠળ 15 વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વ્યકિતની ટ્રાયલ વગર અટકાયત કરી શકાય છે.

(3) આ કાયદા હેઠળ મહત્તમ 6 મહિના માટે અટકાયત કરી શકાય છે.

(4) કાયદા હેઠળ કેટલાંક ગુનાઓ માટે જામીન (Bail)ની અરજી કરી શકાય છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ 5 ઓગસ્ટ, 2019 એ જમ્મુ–કાશ્મીરનું સ્પેશિયલ સ્ટેટસ અંત પામ્યું હતું. આ સમયે મોટી સંખ્યામાં સ્થાનિક નેતાઓ તથા આગેવાનોને 'હાઉસ અરેસ્ટ'માં રાખવામાં આવ્યા હતાં. વર્તમાન સમયે, આ ઘટનાને 1 વર્ષ પૂરું થયું હોવા છતાં ઘણાં લોક હજુ અટકાયતમાં છે.

⇒ આશરે 500થી વધુ લોકોની પબ્લીક સેફ્ટી એક્ટ હેઠળ અટકાયત કરવામાં આવી હતી.

⇒ આ કાયદાને જમ્મુ અને કાશ્મીર પબ્લીક સેફ્ટી એક્ટ (PSA), 1978 પણ કહે છે.

⇒ આ એક પ્રિવેન્ટીવ ડીટેન્શન કાયદો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ કાયદા હેઠળ વ્યકિતને રાજ્યની સુરક્ષાના સંદર્ભે અથવા તો જાહેર નિયમની જાળવણી માટે મહત્તમ 2 વર્ષ સુધી અટકાયતમાં રાખી શકાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આ કાયદા હેઠળ 16 વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વ્યકિતની ટ્રાયલ વગર અટકાયત કરી શકાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આ કાયદા હેઠળ જામીન (Bail)ની અરજી કરી શકાતી નથી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ આ કાયદા હેઠળ માત્ર હેબીઅસ કોર્પસ (Habeas Corpus)ની અરજી કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT